## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




**સાહેબ હવે અમારી કોઈ માંગ નથી અમને રાજનીતી આવડી ગઈ છે... અમે ખેતી છોડીને રાજનીતી કરશું અને આ લોકોને ખેતી કરવી પડે તેવા મજબુર કરી દઈશું.**

# બેંક ઓફ અમેરિકા ગાંધીનગર ગિફ્ટ સિટીમાં ૧૫૦૦ને રોજગારી આપશે

**એક લાખ ચોરસફુટમાં ફેલાયેલું ગ્લોબલ બિઝનેસ સર્વિસિઝ સેન્ટર હવે ફિનટેક અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ પર ધ્યાન કેન્દ્રીત કરશે**

ગાંધીનગર

ભારતના પ્રથમ એવા ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક સિટી એટલે કે ગિફ્ટમાં બેંક ઓફ અમેરિકાએ તેના ગ્લોબલ બિઝનેસ સર્વિસિઝ સેન્ટરને શરૂ કરી દીધું છે. શરૂઆતમાં ૫૦૦ કર્મચારીઓથી શરૂ થયેલા આ સેન્ટરમાં ટૂંકસમયમાં ૧૫૦૦ લોકોને રોજગારી મળશે.

ગિફ્ટ સિટીમાં બેંક ઓફ અમેરિકાએ એક લાખ ચોરસફુટમાં સર્વિસિઝ સેન્ટર શરૂ કર્યું છે. આ બેંક ભારતના પાંચ શહેરો-ગુરૂગ્રામ, હૈદરાબાદ, ચેન્નાઈ, મુંબઈ અને ગિફ્ટ સિટીમાં કુલ ૨૯૦૦૦ લોકોને રોજગારી આપી રહ્યું છે. આ સેન્ટરના પ્રતિનિધિએ કહ્યું હતું કે ગિફ્ટ સિટીના આ સેન્ટરમાં ફિનટેક અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પર હવે ધ્યાન કેન્દ્રીત કરશે.

બેંક ઓફ અમેરિકાએ ગિફ્ટ સિટા સ્પેશ્યલ ઈકોનોમિક ઝોન વિસ્તારમાં નવા બનેલા ૨૪ માળના બિલ્ડીંગમાં જગ્યા લીધી છે. આ બિલ્ડીંગ કેવી ઈન્ફ્રાસ્ટ્રક્ચર્સ તરફથી બનાવવામાં આવેલું છે. આ બિલ્ડીમાં છ માળ એટલે કે ૧૧ થી ૧૬ માળ બેંક ઓફ અમેરિકા માટે ફાળવવામાં આવ્યા છે. આ બિલ્ડીંગમાં બેંક ઓફ અમેરિકા માટે બીજા ત્રણ માળ અનામત રાખવામાં આવ્યા છે. ગિફ્ટ સિટીના એક્ઝિક્યુટીવે કહ્યું હતું કે બેંક ઓફ અમેરિકાએ ગિફ્ટ સિટીના એસઈઝેડ વિસ્તારમાં આવેલી એક મલ્ટીસ્ટોરિયેડ બિલ્ડીંગમાં છ માળની ઓફિસ શરૂ કરી છે પરંતુ બેંકની સ્વતંત્ર બિલ્ડીંગની માગણી સ્વિકારી અલગ ઈમારત માટે તેને પ્રમાણપત્ર આપી દેવામાં આવ્યું છે. આ બેંક ગિફ્ટ સિટીએ ફાળવેલી જમીનમાં તેનું પોતાનું કોમ્પ્લેક્સ ઉભું કરશે.

## ખૂણેખાંચરેથી

- આજે જિલ્લા સંકલન સમિતિની ઓનલાઈન બેઠક જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યના અધ્યક્ષપદે મળશે.
- ગાંધીનગરના જાણીતા પત્રકાર મિલન વ્યાસના માતુશ્રીનું આજરોજ દુઃખદ અવસાન થયુ છે.
- ગાંધીનગર જિલ્લા ઈ.સેવા સોસાયટીની કલેકટરના અધ્યક્ષપદે બેઠક મળશે.
- ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે કોરોનાના ૫૦ થી નીચે કેસ નોંધાતા તંત્રએ રાહત અનુભવી છે.
- મુખ્યમંત્રીએ આજે ગ્રામીણ સરપંચો સાથે યોજેલા સંવાદ કાર્યક્રમમાં જિલ્લામાં દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ સહિત ૧૭૦૦ જેટલા પંચાયતોના અગ્રણીઓ જોડાયા હતા.
- આજે જિલ્લા તાલુકા પંચાયતોની ચૂંટણીની તૈયારી માટે ભાજપના આગેવાનોની બેઠકોનો સિલસિલો જિલ્લા કાર્યાલય સે. ૨૧ ખાતે યોજવામાં આવ્યો છે.
- જિલ્લામાં કોરોના વેક્સીન અંગે સર્વેલન્સની કામગીરી તેના અંતિમ તબક્કામાં હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.
- વેકસીનેશન માટે આજે જિલ્લાને આજે વધુ બે આઈએલઆર ફ્રીજની ફાળવણી કરવામાં આવી છે.

# શહેરમાં ઘ-૨ થી ગ-૨ રૂટમાં રહેણાંક વિસ્તારને અડીને જ ઝુંપડાઓની કતાર

**વન આરક્ષિત વિસ્તારમાં વધતા દબાણો દુર કરવા માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા : સ્થાનિકોનો સુર**

ગાંધીનગર તા ૧૮

શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં ઝુંપડાઓની ભરમાર છે. રહેણાંક વિસ્તાર નજીક પણ દબાણો વધી ગયા છે. બે દિવસ અગાઉ વનતાંત્રએ સે-૬ માં સત્યાગ્રહ છાવણી પાસેથી ઝુંપડાના દબાણો દુર કર્યા હતા. જયારે ઘ-૨ થી ગ-૨ વચ્ચેના માર્ગ પર ફુટપાથને અડીને જ ઝુંપડાઓની કતાર જોવા મળી રહી છે. રહેણાંક વિસ્તાર પાસે જ ઝુંપડાઓની સંખ્યા વધતા સ્થાનિકો પણ તોબા પોકારી ગયા છે. ત્યારે આ ઝુંપડાઓના દબાણો દુર કરવા માટે યોગ્ય કાર્યવાહી કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે વનતંત્ર હરકતમાં આવ્યુ છે. બે દિવસ અગાઉ વનતંત્રએ સે-



૬ માં સત્યાગ્રહ છાવણી પાસે લાંબા સમયથી અસ્તિત્વ ધરાવતા દબાણો દુર કર્યા હતા જયારે સેકટરોમાં પણ આડા ઉભા માર્ગો નજીક સ્થિત વન વિભાગની જગ્યામાં ઝુંપડાઓ વધી રહ્યા છે. ત્યારે અગાઉ વનતંત્ર દ્વારા વન આરક્ષિત વિસ્તારમાંથી દબાણો દુર કરવા માટે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હતો. જેના અંતે સે-૬ માં ૨૦૦ જેટલા દબાણો દુર કરાયા હતા. જયારે હજુ નગરના ઉભા આડા માર્ગો આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં દબાણોની ભરમાર યથાવત છે. શહેરના ઘ-૨ થી ગ-૨ વચ્ચેના માર્ગ આસપાસ પણ દબાણોની લાઈન જોવા મળે છે. રહેણાંક વિસ્તારને અડીને જ ઝુંપડાઓ ઉભા થઈ ગયા છે. જેના લીધે સ્થાનિક રહીશો પણ પરેશાન છે. જયારે રહેણાંક વિસ્તારને અડીને જ દબાણો ઉભા થતા ગંદકી સહીતની સમસ્યાઓથી સ્થાનિકો ત્રસ્ત છે. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં દબાણોના મામલે રી સર્વે હાથ ધરીને યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ નાગરિકો ઉઠાવી રહ્યા છે. વન આરક્ષિત વિસ્તારમાં એકબાજુ વનીકરણ માટે વનતંત્ર ખુલ્લી જગ્યા કરવા મથામણ કરે છે ત્યારે વધતા ઝુંપડાઓ સમયસર દુર કરવા પણ અનિવાર્ય છે.

# શહેરના રસ્તાના પડતર કામો સંદર્ભે મેયરે બોલાવી બેઠક

**સેક્ટર ૬ થી ૮, ૧૭, ૧૯ અને ૨૪ થી ૨૭માં તાત્કાલિક ડામરકામ ચાલુ કરવા આદેશ : આગામી ૧૫ દિવસથી લઇને તારીખ ૩૧મી માર્ચ સુધીમાં તમામ કામ પૂર્ણ કરવા તંત્રની કવાયત**

ગાંધીનગર, તા. ૧૮

પાટનગરમાં રસ્તા પણ આ શહેરની એક ઓળખ બની ચૂકેલા છે. ત્યારે છેલ્લા ચોમાસામાં સતત વરસાદી માહોલ દરમિયાન પાણી ભરાયેલા રહેવાથી નગરમાં વિવિધ સેક્ટરના રસ્તાઓ ક્ષતિગ્રસ્ત બન્યા હતાં. રસ્તાના નવીનીકરણની કામગીરી ચોમાસુ ઉતરવાની સાથે જ મહાનગર પાલિકા દ્વારા ચાલુ કરાવવામાં આવી હતી. તેના સંદર્ભમાં શુક્રવારે મેયર રીટાબેન પટેલ દ્વારા ગુરુવારે અધિકારીઓ સાથે બેઠક યોજીને થયેલી અને હાથ ધરવાની કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. સાથે જ સેક્ટર ૬, ૭, ૮, ૧૭, ૧૯, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭માં તાત્કાલિક ડામરકામ ચાલુ કરીને આગામી ૧૫ દિવસથી લઈને તારીખ ૩૧મી માર્ચ સુધીમાં તબક્કાવાર કામ પૂર્ણ કરવા આદેશ આપ્યો હતો. અધિકારી સુત્રોએ સમયસર કામગીરી પૂર્ણ કરવાની ખાતરી આપી હતી.

પાટનગર યોજના વિભાગના ઈજનેરોએ સમિક્ષા બેઠક દરમિયાન શહેરમાં પૂર્ણ થયેલા રસ્તાના કામ, ચાલુ કરવામાં આવેલા કામ અને હવે પછી હાથ ધરવાના કામ સંબંધમાં મેયર રીટાબેન પટેલને સેક્ટરવાર માહિતગાર કર્યા હતાં. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પી.સી. દવે અને સિટી ઈજનેર ભરત પંડ્યાની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠક દરમિયાન યોજાયેલી બેઠકમાં મેયરે રસ્તાના કામની ગુણવત્તા જળવાઈ રહે તે જોવા અધિકારીઓને ખાસ ટકોર કરી હતી.

### અંદાજે ૭૫ કિલોમીટર લંબાઇમાં ડામર કાર્પેટ થશે

પાટનગરના વિવિધ સેક્ટરમાં રસ્તાના નવીનીકરણ કરવા સંબંધમાં સિટી ઈજનેર ભરત પંડ્યાએ મેયર રીટાબેન પટેલને જણાવ્યુ હતું કે દરેક સેકટરમાં રીંગ રોડ અને આંતરિક રોડ પર ડામર કાર્પેટ કરવાની કામગીરીમાં અંદાજે ૭૫ કિલોમીટર લંબાઈમાં રસ્તા આવરી લેવામાં આવશે અને આ કામગીરી પાછળ રૂપિયા ૧૫ કરોડ જેટલો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે.

## સેકટર-૨૩ માંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર શહેરમાં વાહનચોર ટોળકીએ માથુ ઉંચક્યું હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટરોમાં વાહનચોરીના બનાવો વધી રહ્યા છે. ત્યારે સેકટર-૨૩ જ -૨ કેટેગરી ખાતે થી હીરો ડીલક્ષ બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે બાઈક ચોરને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ચેખલારાણી ગામે રેતી ચોરો પર તંત્રની ટીમ ત્રાટકી : ૩ અલગ અલગ ગુના દાખલ કરાયા

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના ચેખલારાણી ગામે રેતી-ખનીજની ચોરી અંગે આજે તંત્રની ટીમ ત્રાટકી હતી. તંત્રએ આ રેતી ચોરી કરનારાઓને પકડી અને ગુનેગારો અને રેતી-ખનીજની ચોરી કરનારાઓને રંગેહાથ પકડી પાડ્યા હતા.

ટીમે ટ્રેક્ટર, રેતી-ખનીજ કાઢવા માટેના સાધનો તેમજ રેતી ખનીજ ચોરોને પકડી સાદરા નોંધાવ્યો હતો. આ ઉપરાંત ખનીજ ચોરી માટે ખનીજની ટીમ બોલાવી ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

જિલ્લામાં ખનીજ ચોરીનું વધેલુ પ્રમાણ તંત્રના ધ્યાને આવ્યુ





સામે ત્રણ અલગ-અલગ પોલીસ ફરિયાદો દાખલ કરી છે.

જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યને મળેલ બાતમીને આધારે તેમને મામલતદાર ગાંધીનગરને રેઈડ કરવા માટે સૂચના આપી અને માર્ગદર્શન આપ્યુ હતુ. મામલતદાર સુનિલ રાવલની ટીમ ચેખલારાણી ગામે ત્રાટકી આઉટ પોસ્ટ ખાતે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ટીમે ટ્રેકટરનો ડ્રાયવર માઈનોર જણાતાં તેની સામે મોટર વ્હીકલ એક્ટ અંતર્ગત કાયદેસરની કાર્યવાહી કરી છે. તો સરકારી કામકાજમાં રૂકાવટ કરવા માટેનો અન્ય સામે પણ ગુનો અલગથી હતુ. જિલ્લા કલેકટરે પણ ખનીજ માફિયાઓ સામે લાલ આંખ કરવા માટે મન બનાવી લીધુ હતુ અને એટલે તેમણે મામલતદારને બોલાવી સીધી સૂચના તેમજ માર્ગદર્શન આપી રેઈડ કરવા જણાવતાં ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

## સોલા સિવિલ હોસ્પિટલમાં ૪૫૦ સ્વસ્થ વ્યક્તિઓએ કોરોના વેક્સિન ટ્રાયલનો પ્રથમ ડોઝ મેળવ્યો

કોરોનાકાળ દરમિયાન અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલની કામગીરી વિશે સંતોષ વ્યક્ત કરતા નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલે કહ્યુ કે કોરોનાકાળમાં સોલા સિવિલ હોસ્પિટલ દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરવામાં આવી રહી છે.

કોરોનાકાળમાં સંવેદનશીલ ગુજરાત સરકાર દ્વારા આરોગ્યને લગતી તમામ પ્રકારની કામગીરી સુચારૂ પણે સંચાલન કરવામાં આવી છે. રાજ્યની કોઇ પણ સરકારી હોસ્પિટલને આરોગ્ય સેવાઓને લગતી જરૂરિયાત ત્વરિત સંતોષવામાં આવી છે. સરકારી હોસ્પિટલમાં વેન્ટીલેટર, ઓક્સિજન ટેંક સહિતના કોઈપણ પ્રકારની ઉપકરણની જરૂરિયાત ઉભી થઈ હોય તેને જલ્દીથી જલ્દી આરોગ્ય વિભાગ તરફથી દર્દીઓની સારવાર અર્થે ઉપલ્બધ કરાવવામાં આવી છે.

સોલા સિવિલ હોસ્પિટલમાં આ તમામ સુવિધાઓના કારણે જ અને આરોગ્ય વિભાગના સંકલનથી મોટા પ્રમાણમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ શ્રેષ્ઠ સારવાર મેળવીને સ્વગૃહે પરત ફર્યા છે. નાયબ મુખ્યમંત્રીએ માહિતી આપતા જણાવ્યુ કે સોલા સિવિલ હોસ્પિટલમાં આજ દિન સુધી ૧૪,૨૨૩ દર્દીઓ સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ થયા છે જેમાંથી ૧૩ હજારથી પણ વધુ દર્દીઓ સ્વસ્થ થઈને ઘરે પરત ફર્યા છે.

# અજાણી મહિલાની મદદે અભયમની ટીમ પહોંચી

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના એક ગામમાં અજાણી મહિલાની મદદે ૧૮૧ ટીમ પહોંચી હતી. ગામના જાગૃત નાગરીકે રાત્રીના પોણા બે વાગે ફોન કરીને મહિલાની મદદ માટે જાણ કરી હતી. જેને અનુલક્ષી અભયમની ટીમ તાત્કાલીક તે સ્થળ પર પહોંચી ગઈ હતી. ટીમના સભ્યોએ જાગૃત નાગરીકનો સંપર્ક કરતા તે નાગરીકે જણાવ્યું હતું કે તે અજાણી મહિલા સાંજના ૬ વાગ્યાથી અહીં હોવાની માહિતી આપી હતી. જેથી ટીમના સભ્યોએ પહેલા મહિલાને ભરપેટ ભોજન કરાવ્યું હતું. ત્યારબાદ વિશ્વાસમાં લઈને કાઉન્સેલીંગ કર્યું હતું. જેમાં મહિલા કલોલ ખાતે પતિ સાથે આવ્યા હોવાનું અને પતિ બેસાડીને ગયા પછી પરત ન આવ્યો હોવાનું જણાવ્યું હતું.મહિલાએ જણાવ્યું હતું કે તેને પાંચ સંતાનો છે અને પતિ દ્વારા મારપીટ પણ કરાય છે. મહિલાની માનસિક સ્થિતિ વાતચીત દરમિયાન થોડી સારી ન હોવાનું જાણવા મળ્યું હતું. જેથી મહિલાથી છુટકારો મેળવવા માટે પતિ તેને અહીં મુકીને જતો રહ્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. ટીમ દ્વારા મહિલાની ઓળખ માટે પ્રયત્ન હાથ ધર્યા હતા. પરંતુ મહિલાનું ઓળખાણનું કોઈ વ્યકિતના મળતા આખરે ગાંધીનગર સખી વન સ્ટોપ સેન્ટર ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**'ગુજરાત સરકારનું સાહસ'**
**જાહેર નિવિદા નંબર-૦૮ સને ૨૦૨૦-૨૧**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર મોબાઈલ નં. ૯૯૭૮૪૪૩૯૨૯ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ નં. | કામની વિગત | અંદાજીત કિંમત લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડી નં. | ભાવો ભરવાની છેલ્લી તા. |
|---|---|---|---|---|---|
| ૧ | શ્યામ પ્રસાદ મુખર્જી અર્બન મિશન કાર્યક્રમ અંતર્ગ શામળાજી, બેચરપુરા, રૂદરડી વેણપુર તથા દોલતપુરા તા. ભિલોડા મુકામે ભુગર્ભ સંપ, જુદી જુદી સાઈઝની જમીનતળની ટાંકી, પાઈપ લાઈન, એમ.એસ. કે બીન તથા ઘરજોડાણના કામ તથા ૫ વર્ષ મરામત અને નિભાવણીના કામ સહિત | ૮૦.૨૩ | 'ડી' ક્લાસ અને ઉપરના | ૪૩૯૪૨૮ | ૩૦-૧૨-૨૦ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ wwww.gwwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તે ઉક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૪૦૭/૨૦૨૦

